ક્રમાંક: જીઆઇડીસી/હિસાબ/કોસ્ટ/પોલીસી/૦૪
જી.આઇ.ડી.સી., ઉદ્યોગભવન, ગાંધિનગર
તા: ૦૫/૦૧/૨૦૨૧
૧૮/૨/૨૨

# // પરિપત્ર //

વિષય: નિગમ દ્વારા વિવિધ ઔદ્યોગિક વસાહતોમાં ફાળવણી કરવામાં આવતા પ્લોટસ/શેડ અંગે ભાડે ખરીદ પધ્ધતિ અનુસાર હપ્તા પધ્ધતિ થી નાણા ચૂકવણીની નીતિમાં વૈકલ્પિક પધ્ધતિ અપનાવવા બાબત

સંદર્ભ:

(૧) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૮)૦૭ તા:૩૧/૦૫/૨૦૦૮

(૨) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/એએલટી/પીઓએલ/૫(III)/૩૪ તા: ૨૪/૧૦/૨૦૧૧

(૩) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પોલીસી/૪૦ તા: ૦૩/૧૦/૨૦૧૨

(૪) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/હિસાબ/પોલીસી/૨૪ તા:૧૫/૦૩/૨૦૧૬

(૫) નિગમની ૫૦૯મી સભાનો ઠરાવ ક્રમાંક: ૫૯/હિસાબ/૫૦૯ તા: ૧૫/૧૨/૨૦૨૦

નિગમ દ્વારા વિકસાવવામાં આવેલ વિવિધ ઔદ્યોગિક વસાહતોમાં જરૂરિયાત ધ્યાને લઇ વિવિધ માળખાગત સુવિધા ઉપલબ્ધ કરાવી તે અનુસાર જમીન અને માળખાગત સુવિધા અંગે થનાર ખર્ચ ને ધ્યાને લઇ નિયત પધ્ધતિ થી વિતરણ દર નિયત કરવામાં આવે છે, જે મુજબ ના દરે ઉદ્યોગકારો ને સંબંધિત વસાહત ખાતે પ્લોટ ફાળવણી કરવામાં આવે છે. આ મુજબ ના ફાળવણી દર ની વસુલાત માટે હાલમાં નિગમ દ્વારા મહત્તમ ૧૦ વર્ષના સમયગાળા માટે નિયત દરે વ્યાજ સહિત ત્રિમાસિક હપ્તાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

રાજયના ઉદ્યોગોને જમીન પ્રાપ્તિ માટે કરવા પડતા મૂડી રોકાણ માટે એક સાથે ભારણ ન આવે તથા તેને પરિણામે તેઓ ને સંશોધન – વિકાસ માટે નાણાકીય સુલભતા ઉપલબ્ધ થાય અને ઉચ્ચ ગુણવતાયુક્ત ઉત્પાદનો હરિફાઇ યુક્ત દરે બજારમાં મૂકી શકે તે આશય થી રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ નવી ઔદ્યોગિક નીતિ અંતર્ગત રાજ્યમાં ઉદ્યોગકારો ને રોકાણ માટે પ્રોત્સાહિત કરવા તથા ઉદ્યોગના વિકાસ માટે ઉદ્યોગકારો ને સરકારી જમીન બજાર કિંમત ના ૬% ના લીઝ દરે ૫૦ વર્ષ માટે ઉપલબ્ધ કરાવવાની નીતિ અમલી કરેલ છે. આમ. રાજ્ય સરકારની નવી ઔદ્યોગિક નીતિ ને અનુરૂપ ફાળવણી દર વસુલાતની નીતિ નિગમ દ્વારા અમલમાં મુકવા નિગમની ૫૦૯મી સભા સમક્ષ કાર્યસુચી સાદર કરવામા આવેલ. જે અંતર્ગત નિગમની સભા દ્વારા થયેલ નિર્ણય મુજબ નિગમ દ્વારા વિવિધ ઔદ્યોગિક વસાહતોમાં ફાળવણી કરવામાં આવતા પ્લોટસ/શેડ અંગે ભાડે ખરીદ પધ્ધતિ અનુસાર હપ્તા પધ્ધતિ થી નાણા ચૂકવણીની નીતિમાં નીચે મુજબની વૈકલ્પિક પધ્ધતિ અપનાવવા ની નિતિ અમલમા મુકવામા આવે છે.

(૧) ફાળવણી સમયે ડાઉન પેમેન્ટ : કુલ ફાળવણી કિંમતની ૫૦% રકમ ડાઉન પેમેન્ટ તરીકે નિગમની પ્રવર્તમાન નિતિ મુજબ વસુલવાની રહેશે.

(૨) બાકીની ૫૦% રકમ કુલ ૨૦ વર્ષના ૮૦ સમાન ત્રીમાસિક હપ્તા (Equal Quarterly Installments) મા વસુલ કરવાની રહેશે.

(૩) નિગમ દ્વારા પ્લોટ/શેડ ની ફાળવણી સમયે હપ્તાની ગણતરી કરતી વખતે નિગમની અમલી નિતિ મુજબ વ્યાજની ગણતરી કરવાની રહેશે. જે મુજબ ચાલુ નાણાકિય વર્ષ માટે નિયત થયેલ વ્યાજના દર ૧૦% મુજબ હપ્તા નિયત કરવાના રહેશે તથા આગામી નાણાકિય વર્ષો દરમિયાન થનાર ફાળવણી અંગે નિગમ દ્વારા વખતો વખત નક્કી કર્યા મુજબ ફાળવણી સમયે અમલી વ્યાજના દર મુજબ ગણતરી કરવાની રહેશે.

(૪) ઉપરોક્ત નિતિ નિગમની તા: ૧૫/૦૩/૨૦૧૬ ના પરિપત્રથી અમલી નિતિની વૈકલ્પિક પધ્ધતિ તરીકે અપનાવવાની રહેશે તથા નિગમ દ્વારા ફાળવણીદાર પાસેથી કઇ પધ્ધતિ અનુસાર ચુકવણી કરવા માગે છે તે અંગેનો વિકલ્પ સ્વિકારવાનો રહેશે.

(૫) આ નિતિ વાણિજ્ય પ્લોટ, હાઉસિંગ પ્લોટ, "જેમ છે તેમ" ના ધોરણે ફાળવવામા આવનાર મિલકત તથા હરાજીથી ફાળવવામા આવનાર મિલકત ને લાગુ પડશે નહી.

(૬) ઉપરોક્ત નિતિ અંતર્ગત હપ્તાની વસુલાત માટે પ્રથમ હપ્તાની તારિખ તથા વ્યાજની ગણતરી નીચે મુજબ કરવાની રહેશે

અ. ફાળવણી તારીખથી ડાઉન પેમેન્ટ ભરવા માટે નિયત કરેલ દિવસોના સમયગાળો ઉમેર્યા બાદ તરત આવતો ત્રિમાસિક ગાળો હપ્તાની ગણતરી માટે ધ્યાને લેવાનો રહેશે. જે અનુસાર ડાઉન પેમેન્ટ ભરવાની આખરી તારીખથી ત્રિમાસિક ગાળાના અંત સુધીના સમયનુ વ્યાજ ગણતરીમા લેવાનુ રહેશે.

બ. જો કોઇ ફાળવણીદાર ડાઉન પેમેન્ટ ભરવાની મુદ્દત વધારવા મંજુરી મળેલ હોય તથા તે મુજબ તેઓ આખરી તારીખ બાદ ડાઉન પેમેન્ટ જમા કરાવે તે કિસ્સામા વિલંબિત સમયગાળા માટે નિગમની નિતિ મુજબ કુલ રકમ પર વ્યાજ વસુલવાનુ રહેતુ હોઇ ડાઉન પેમેન્ટ ભર્યા પછી તરતના ત્રિમાસિક ગાળાથી હપ્તાની ગણતરી કરવાની રહેશે.

ક. ઉપરોક્ત ગણતરી મુજબ પ્રથમ ત્રિમાસિક હપ્તાની રકમમાં આ સમયગાળો ધ્યાને લઇ ફેરફાર કરવાનો રહેશે તથા બાકી હપ્તા નિયત કરવાના રહેશે.

ઉપરોક્ત વિકલ્પ સિવાયની પ્લોટ/શેડના વિતરણ ની તમામ નિતિઓ યથાવત રાખવામા આવે છે.

સહી/-
(એમ. થેન્નારસન)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઇ.ડી.સી., ગાંધીનગર

રવાના કર્યુ

મેનેજર (મહેકમ)
જી.આઇ.ડી.સી., ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.....

નકલ રવાના:

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એશોસિએશન......તરફ જાણ સારુ

(૨) મેનેજરશ્રી, (એસ એન્ડ એ), જી.આઇ.ડી.સી., ગાંધીનગર.....તરફ નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારુ